Date :- 27-04-2025

Divya Bhaskar, Page-02, Surat

# MMTH : દુનિયાનું એકમાત્ર એવું હબ હશે જ્યાંથી મુસાફરોને એક જ છતની નીચેથી રેલવે, મેટ્રો, એસટી બસ, BRTS, સિટી બસ અને રિક્ષા મળી શકશે, 40% કામ પૂર્ણ





## આ પ્રોજેક્ટમાં 90000 મેટ્રીક ટન સ્ટીલ વાપરવામાં આવશે

સન્ડે ફોટો સ્ટોરી

સુરતઃ એમએમટીએચ (મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ હબ) પ્રોજેક્ટ કોમર્શિયલની સાથે રેસિડેન્સિયલ પણ હશે. સુરત એમએમટીએચ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તે ખરા અર્થમાં દુનિયાનું સૌથી મોટું એમએમટીએચ હશે. આ પ્રોજેક્ટમાં 90000 મેટ્રીક ટન સ્ટીલ વપરાશે, સુરત ડાયમન્ડ બુર્સ કરતાં દોઢ ગણું વધું હશે. એમએમટીએચમાં લાંબા અંતરની બસ, સિટી બસ, બીઆરટીએસ બસ, રેલવે, મેટ્રો અને સબર્બન ટ્રેનનું નેટવર્ક એક જ સ્થળે હશે. ભારતમાં પણ નાગપુરમાં એમએમટીએચ છે પરંતુ તે ખૂબ જ નાનું અને માત્ર બસ અને રેલવેનું છે. તસવીર : રિતેશ પટેલ